RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 72* Date: 31.12.2022, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હીરાબાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત પુત્રોએ અગ્નિદાહ આપ્યો



ગાંધીનગર,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતા હીરાબાનું નિધન થયું છે. બુધવારે તેમની તબિયત ખરાબ હોવાના કારણે તેમને અમદાવાદની યુ એન મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે વહેલી સવારે ૩.૩૦ કલાકે તેમણે અંતિમ શ્વાસ લીધા હતાં પીએમ મોદીએ માતાના નિધન પર ટ્વીટ કરીને લખ્યું કે શાનદાર શતાબ્દીનું ઈશ્વર ચરણોમાં વિરામ...મા મે હંમેશા તે ત્રિમુર્તિની અનુભૂતિ કરી છે જેમાં એક તપસ્વીની યાત્રા, નિષ્કામ કર્મયોગીનું પ્રતિક અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ જીવન સમાહિત રહ્યું છે. હું જ્યારે તેમને ૧૦૦માં જન્મદિવસ મળ્યો તો તેમણે એક વાત કરી હતી જે હંમેશા યાદ રહે છે કે બુદ્ધિથી કામ લો, પવિત્રતાથી જીવો. એટલે કે કામ કરો બુદ્ધિથી અને જીવન જીવો શુદ્ધિથી.

માતાના અવસાનના સમાચાર મળતા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે રાયસણ પંકજભાઈના ઘરે પહોંચી ગયા હતાં અહીં વડાપ્રધાન મોદીએ તેમના અંતિમ દર્શન કર્યા હતા અને ત્યારપછી તેમને અંતિમ સંસ્કાર માટે લઈ જવાયા હતા. સેક્ટર ૩૦ સ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. અંતિમ વિધિમાં મોદી પરિવાર ભાવુક થઈ ગયો હતો. મોદી પરિવારે હીરાબાની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવા કહ્યું હતું.

હીરા બાના નિધન પર તેમના પરિવારમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. હીરા બાના પિયર પક્ષના અને સાસરી પક્ષના સ્વજનો હાજર રહ્યાં હતાં તમામ સ્વજનો સ્તુતિ કરીને હીરા બાને અંતિમ વિદાય આપી હતી પીએમ મોદીના માતા હીરાબાના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર ગાંધીનગરના સેક્ટર ૩૦ ખાતે સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતાં માતાના પાર્થિવ દેહની સાથે શબવાહિનામાં પીએમ મોદી પણ બેઠા હતા.પીએમ મોદીના માતા હીરાબાના પાર્થિવ દેહને પીએમ મોદી સહિત તેમના પુત્રોએ ભારે હૈયે અગ્નિદાહ આપ્યો હતો ગત ૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રી મોદીએ માતા સાથે મુલાકાત કરી હતી. આ પહેલા પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત મુલાકાતે આવતાં ત્યારે ઘણી વખત વ્યસ્ત શિડ્યૂલમાંથી સમય કાઢીને માતાને મળવા અને આશીર્વાદ લેવા જતાં હતા. પીએમ નરેન્દ્ર મોદીના માતા હીરાબેનનો જન્મ ૧૮ જૂન ૧૯૨૩ના રોજ થયો હતો. ૧૮ જૂન ૨૦૨૨ તેમણે તેમના જીવનના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. સ્મશાન ગૃહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, કુંવરજી બાવળિયા, શંકરસિંહ વાઘેલા, પ્રફૂલ પાનસેરિયા, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના નેતાઓ હાજર રહ્યા હતાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હીરા બાના પાર્થિવ દેહ પર પોત ઓઢાળ્યુ હતુ. સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગળે મળીને સંવેદના વ્યક્ત કરી હતી.

પીએમ મોદીએ તમામ ભાજપ મુખ્યમંત્રીઓ, કેબિનેટ મંત્રી, અને વિપક્ષના નેતાઓને કહ્યું કે આ દુઃખની ઘડીમાં તમે ભાવનાઓ વ્યક્ત કરી, તેમના માટે આભાર પરંતુ તમે બધા તમારા પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ ચાલુ રાખો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અધિકૃત ટ્વીટર હેન્ડલથી ટ્વીટ કરીને કહેવાયું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના પૂજનીય માતાજી હીરાબાના નિધનથી એક તપસ્વી જીવન પૂર્ણ થઈ ગયું. આ દુઃખદ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના તમામ સ્વયંસેવક પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને દુઃખ વ્યક્ત કર્યું. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના પૂજ્ય માતાજી હીરાબાના સ્વર્ગવાસની સૂચના અત્યંત દુઃખદ છે.

મા એક વ્યક્તિના જીવનના પહેલા મિત્ર અને ગુરુ હોય છે જેમને ખોવાનું દુઃખ નિઃસંદેહ સંસારનું સૌથી મોટું દુઃખ છે. અન્ય એક ટ્વીટમાં તેમણે લખ્યું કે હીરાબાએ જે સંઘર્ષોનો સામનો કરતા પરિવારનું પાલન પોષણ કર્યું તે બધા માટે એક આદર્શ છે. તેમના ત્યાગપૂર્ણ તપસ્વી જીવન સદા આપણી સ્મૃતિમાં રહેશે. સમગ્ર દેશ દુઃખની આ ઘડીમાં પ્રધાનમંઝી મોદીજી અને તેમના પરિવારની પડખે છે. કરોડો લોકોની પ્રાર્થના તમારી સાથે છે. ઓમ શાંતિ. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્વીટ કરી કહ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીના માતા પૂજ્ય હીરાબાના નિધનથી ખૂબ જ દુઃખ થયું. હીરાબા ઉદારતા, સાદગી, સખત પરિશ્રમ અને જીવનના ઉચ્ચ મૂલ્યોના પ્રતિક હતા. હું પ્રાર્થના કરું છું કે ભગવાન તેમના આત્માને શાંતિ આપે.કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વડાપ્રધાન મોદીની માતાના નિધનના દુઃખદ સમાચાર મળ્યા. ભગવાન દિવંગત આત્માને પાવન ચરણોમાં સ્થાન આપે. મોદીજી અને તેમના પરિવારના સભ્યો દુઃખની આ ક્ષણોમાં હિંમત આપે.રાહુલ ગાંધીએ પણ હીરાબાના નિધાન પર શોક વ્યકત કર્યો હતો.

હીરાબાના નિધનને લઈ વડનગર શોકમગ્ન બની ગયું હતું. વડનગરના વેપારીઓ હીરાબાના નિધનને લઇ સ્વયંભૂ બંધ પાળ્યો હતો. વડનગરવાસીઓએ બજાર બંધ રાખી હીરાબાને શ્રદ્ધાંજલિ આપી હતી.

## નવા વર્ષ પહેલા પૂણેમાં ૨ કરોડનો દારૂ, ૧૨ લાખનો મ્યાઉ-મ્યાઉ જપ્ત, ડ્રગ્સને લઈને મુંબઈ પોલીસ કડક

મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રમાં અલગ-અલગ જગ્યાઓ પર થર્ટી ફર્સ્ટ નાઈટ અને ન્યૂ યર પાર્ટીઓ પહેલા ડ્રગ્સ અને ગેરકાયદેસર દારૂનો ધંધો અને તેની ધરપકડ વધી છે. ગુરુવારે (૨૯ ડિસેમ્બર) પૂણેમાં એક્સાઈઝ ડિપાર્ટમેન્ટે ગોવામાં બનેલો લગભગ રૂપિયા ૨ કરોડની કિંમતનો ગેરકાયદેસર દારૂ જપ્ત કર્યો હતો. બે ટ્રકમાં ભરીને બે હજાર પેટી ગેરકાયદેસર દારૂ લાવવામાં આવી રહ્યો હતો. આ કેસમાં ૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેવી જ રીતે પૂણે પોલીસે પણ એક મોટી કાર્યવાહી કરતા ૧૧ લાખ રૂપિયાનું મ્યાઉ-મ્યાઉ એટલે કે મેફેડ્રોન ડ્રગ્સ પણ જપ્ત કર્યું છે. મુંબઈ પોલીસ પણ આવી ગતિવિધિઓ અને પાર્ટીઓ પર નજર રાખી રહી છે.

પૂણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમના યુનિટ ૨ની કાર્યવાહીમાં યેરવડા વિસ્તારમાં રહેતા એક વ્યક્તિ પાસેથી ૧૧ લાખ રૂપિયાની કિંમતની ૫૩.૦૮ એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ જપ્ત કર્યું છે. આના થોડા દિવસો પહેલા પૂણેના રેલ્વે સ્ટેશન પાસેથી ૧૨ લાખ રુપિયાની કિંમતનું મ્યાઉ-મ્યાઉ એટલે કે એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતું અને મૂળ રાજસ્થાનના દાણચોરો મોહમ્મદ ફારૂક અને મોહમ્મદ ઉમર ટાકની ધરપકડ કરવામાં આવી હતી. પાલઘરમાં પણ દમણમાં બનાવટી દારૂનો એક મોટો જથ્થો જપ્ત કર્યો છે.આ રીતે કોઈપણ રેવ પાર્ટી અથવા આવી ન્યૂ યર પાર્ટી અથવા થર્ટી ફર્સ્ટ નાઈટ સેલિબ્રેશનમાં ભાગ લેનારાઓ માટે સૂચના તરીકે મહત્વપૂર્ણ છે, ખાસ કરીને મુંબઈ અને પૂણે પોલીસ આવા આયોજનો પર ચાંપતી નજર રાખી રહી છે. મુંબઈ પોલીસ સાદા યુનિફોર્મમાં આવી પાર્ટીઓમાં હાજરી આપે છે. શહેરના દરેક મહત્વના જંકશન પર પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે. જે પણ ડ્રગ્સનો ઉપયોગ કરતા જોવા મળશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને ૩૧ ડિસેમ્બરે મુંબઈ પોલીસ દ્વારા અલગ-અલગ જગ્યાઓએ ૨૫ ડીસીપી, ૭ એડિશનલ કમિશનર, ૧૫૦૦ અધિકારીઓ, ૧૦,૦૦૦ કોન્સ્ટેબલ, ૪૬ એસઆરપીએફ પ્લાટુન અને ૧૫ ક્યુઆરટીની ટીમો તૈનાત કરવામાં આવશે.

સુશાંત સિંહ રાજપૂતના મોત બાદ મુંબઈ પોલીસ ડ્રગ્સ વિરુદ્ધ અભિયાનમાં ઘણી એક્ટિવ થઈ ગઈ છે. વર્ષ ૨૦૨૨માં નવેમ્બર મહિના સુધી મુંબઈ પોલીસે ૪૯૨૮.૬૬ કરોડ રૂપિયાની કિંમતનું ૪૦૩૬ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ દરમિયાન મુંબઈ પોલીસના એન્ટી નાર્કોટિક્સ સેલે ૭૦૮ કેસ નોંધ્યા, ૮૪૪ લોકોની ધરપકડ કરી. આ પહેલા એટલે કે ૨૦૨૧માં ૫૯૪ કેસ નોંધાયા હતા. ૧૫૧ કરોડ રૂપિયાની કિંમતનું ૪૦૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને ૭૭૬ લોકોને અરેસ્ટ કરવામાં આવ્યા છે. હવે થર્ટી ફર્સ્ટ નાઈટ પહેલા મુંબઈ પોલીસે સતત સતર્કતા વધારી દીધી છે.

## કૃષ્ણ જન્મભૂમિ વિવાદ: સર્વેના આદેશ બાદ મુસ્લિમ પક્ષે સમાધાનની વાત કરી

મથુરા,તા.૩૦

ઉત્તર પ્રદેશના મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ વિવાદમાં સર્વેના આદેશ બાદ હવે મુસ્લિમ પક્ષે સમાધાનની વાત કરી છે. શાહી ઈદગાહ કમિટીના ચેરમેન ડો. ઝહીર હસને કહ્યું કે સર્વેની જરૂર નથી.

આ વિવાદ સમાધાન દ્વારા ઉકેલી શકાય છે. તેમણે શાહી ઈદગાહ માટે વૈકલ્પિક સ્થાન અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. કહ્યું કે અલ્લાહનું ઘર છે, કોઈ કેક નથી કે કાપીને વહેંચી શકાય. જોકે સમાધાનના વિષય પર પૂછાયેલા પ્રશ્નોના તેઓ કોઈ નક્કર જવાબ આપી શક્યા ન હતા. શાહી ઈદગાહ કમિટીના પ્રમુખ ડો. ઝહીર હસન લખનૌમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે કોર્ટે શાહી ઈદગાહના સર્વે માટે આદેશ આપ્યો છે. પરંતુ અહીં કોઈ સર્વેની જરૂર નથી. સમસ્યાનો ઉકેલ વાતચીત અને સમજૂતી દ્વારા બહાર આવી શકે છે.

તેમના નિવેદન પર જવાબ આપતા અખિલ ભારતીય હિંદુ મહાસભાના રાષ્ટ્રીય ખજાનચી દિનેશ શર્માએ કહ્યું કે, જો ડો. ઝહીર હસન સમાધાન કરવા ઈચ્છે છે તો હિન્દુ પક્ષ તેમને મસ્જિદ બનાવવા માટે મેવાત વિસ્તારમાં ૧૦ એકર જમીન આપવા તૈયાર છે. તેમણે કહ્યું કે મથુરા શ્રી કૃષ્ણનું જન્મસ્થળ છે. તે આપણા લલ્લાની ભૂમિ છે અને અહીં ભગવાને અનેક લીલાઓ કરી છે. આ સ્થિતિમાં અમે આ જમીન મસ્જિદ માટે આપી શકીએ નહીં. ત્યારબાદ ડો. ઝહીર હસને જવાબ આપતા કહ્યું કે, શાહી ઈદગાહ પણ એક મસ્જિદ છે. મસ્જિદ એટલે અલ્લાહનું ઘર, કોઈ કેક નથી કે કાપીને તેને વહેંચી શકાય.

હિંદુ પક્ષની મોનિટરિંગ અરજી પર સુનાવણી કરતી વખતે મથુરા કોર્ટે શાહી ઈદગાહ મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો છે. આ માટે કોર્ટે કમિશનની રચના કરી છે. કોઈ પણ સંજોગોમાં પંચે ૨૦ જાન્યુઆરી સુધીમાં સર્વેનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો રહેશે. કોર્ટે મથુરા પ્રશાસન અને મથુરા પોલીસને પણ આદેશ આપ્યો છે કે તેઓ કમિશનનું કામ સરળતાથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરે.

હિંદુ પક્ષે મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ વિવાદ અંગે મોનિટરિંગ પિટિશન દાખલ કરી હતી, જે દાયકાઓથી કોર્ટમાં ગૂંચવાયેલો છે. આ અરજીમાં હિંદુ પક્ષે શાહી ઈદગાહની જમીનને શ્રી કૃષ્ણનું જન્મસ્થળ ગણાવતા અનેક પુરાવા આપ્યા છે. આ અરજી સ્વીકારીને કોર્ટે હકીકતની ચકાસણી કરવા માટે શાહી ઈદગાહના સર્વેનો આદેશ આપ્યો છે. આ આદેશ બાદ રાજકારણ પણ ગરમાયું છે. ક્યારેક હિંદુ તરફથી નિવેદન આપવામાં આવી રહ્યું છે તો ક્યારેક મુસ્લિમ પક્ષ તરફથી નિવેદન આપવામાં આવી રહ્યું છે.

## ડિબેટમાં મૌલાના અને ધર્મગુરુ વચ્ચે થઈ બબાલ, એન્કર સાથે થઈ ધક્કામુક્કી

નવીદિલ્હી,તા.૩૦

ટીવી ન્યૂઝમાં તમે અલગ અલગ મુદ્દાઓ પર થતી ડિબેટ જોઈ જ હશે. કેટલીક ડિબેટ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતી હોય છે. પણ કેટલીકવાર આવી ડિબેટ મારામારી સુધી પહોંચી જાય છે. હાલમાં આવો જ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં એક હિન્દુ ધર્મગુરુ અને મૌલનાઓ વચ્ચે ભયંકર લડાઈ થતી જોવા મળી રહી છે. એક ખાનગી ન્યૂઝ ચેનલમાં થઈ રહેલી ડિબેટ દરમિયાન આ ઘટના બની હતી. આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયો છે.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એક ખાનગી ન્યૂઝ ચેનલમાં રામ મંદિરને લઈને એક ડિબેટ થઈ રહી છે. તે દરમિયાન ન્યૂઝ એન્કરના એક સવાલ પર ધર્મગુરુ ટીવીના માધ્યમથી દર્શકોને કઈક સમજાવી રહ્યા છે. પણ તેમની સામે ઉભેલા મૌલાના તેમને વચ્ચે ટોકે છે. તે એન્કરને કહે છે કે, તમે કેવા-કેવા લોકોને તમારા શોમાં બોલાવી લો છે. આટલુ સાંભળતા જ ધર્મગુરુ પોતાનો સંયમ ખોઈ બેસે છે. ધર્મગુરુ મૌલાના તરફ ગુસ્સામાં આગળ વધે છે, તેને શાંત પાડવા આવતા એન્કરને પણ ધર્મગુરુ ધક્કો મારે છે. આ દરમિયાન મૌલાના અને ધર્મગુરુ વચ્ચે ઘર્ષણ પણ થાય છે. એન્કર અને અન્ય સ્ટાફ દ્વારા તેમને શાંત કરવામાં આવે છે. જો કે અંતે મૌલાના અને તેમના સાથી શો છોડીને જતા રહે છે.

આ વાયરલ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પરથી શેયર કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ભારે વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા યુઝર્સ આ વીડિયોને ખુબ પસંદ કરી રહ્યા છે.

## બેન્જામિન નેતન્યાહુ છઠ્ઠીવાર ઈઝરાયેલના વડપ્રધાન બન્યા

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન મોદી પોતાની આગવી ઓળખની સાથે સાથે વૈશ્વિક નેતાઓ સાથેની તેમની મિત્રાતા માટે પણ જાણીતા છે. શિન્ઝો આબે , બરાક ઓબામા, બેન્જામિન નેતન્યાહુ જેવા વૈશ્વિક નેતાઓ તેના ખાસ મિત્રોમાંથી એક છે. વડાપ્રધાન મોદી ખાસ મિત્ર એવા બેન્જામિન નેતન્યાહુ ફરી એકવાર ઈઝરાયેલના વડપ્રધાન બની ગયા છે. આજે ગુરુવારના રોજ તેમણે નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. તેઓ છઠ્ઠીવાર ઈઝરાયેલના વડપ્રધાન બન્યા છે, બેન્જામિન નેતન્યાહુ ઈઝરાયેલના સૌથી વધારે સમય સુધી વડાપ્રધાન બન્યા છે. બેન્જામિન નેતન્યાહુ વડાપ્રધાન મોદીએ તેમને ટ્વિટ કરીને શુભેચ્છા પાઠવી હતી.

બેન્જામિન નેતન્યાહુની સરકારમાં દક્ષિણપંથી ઘટક દળ પણ સામેલ છે. બેન્જામિન નેતન્યાહુને ઈઝરાયેલની સંસદ નેસેટમાં ૧૨૦ સદસ્યોમાંથી ૬૪ સદસ્યોનું સમર્થન મળ્યુ છે. એવી સંભાવના પણ છે કે આ દેશની મોટા ભાગની જનતા આ સરકારથી અસહમત અને નિરાશ રહેશે.ઈઝરાયેલના વડપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ભારતના વડાપ્રધાન મોદી વર્ષોથી સારા મિત્રો રહ્યા છે.

## શિવરાજ સરકાર ઘેર ઘેર બાર બનાવી રહી છે : કોંગ્રેસ

ભોપાલ,તા.૩૦

મધ્યપ્રદેશમાં ધરમાં મોટી ઉજવણીના આયોજન દરમિયાન શરાબ પીવા માટે ૫૦૦ રૂપિયામાં પરમિટ જારી કરવાના નિયમને લઇ કોંગ્રેસે રાજય સરકારના નિર્ણયની ટીકા કરી છે. કોંગ્રેસે કહ્યું કે ભાજપ રાજયમાં દરેક ધરને બાર બનાવવા ઈચ્છે છે.જો કે મધ્યપ્રદેશના ગૃહમંત્રી અને રાજય સરકારના પ્રવકતા નરોત્તમ મિશ્રાનું કહેવુ છે કે આ નિયમ નવો નથી અને રાજયમાં કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર દરમિયાન પણ આ જ નિયમ હતો.

કોંગ્રેસના પ્રદેશ એકમના મીડિયા વિભાગના અધ્યક્ષ કે કે મિશ્રાએ આરોપ લગાવ્યો કે રાજય સરકાર ૫૦૦ રૂપિયાના શુલ્ક પર ઘરોમાં પાર્ટીઓ દરમિયાન શરાબ પીવાની પરમિટ જારી કરી યુવાનોને શરાબ પીવા માટે પ્રોત્સાહિત કરી રહી છે અને તેમને નોકરી આપવામાં નિષ્ફળ રહી છે.સત્તારૂઢ ભાજપ બેરોજગારીથી યુવાનોનું ધ્યાન હટાવવા માટે તેમને બરબાદ કરવા જઇ રહી છે. એ યાદ રહે કે મધ્યપ્રદેશ કોંગ્રેસે પોતાના સત્તાવાર ટ્વિટર હેંડલથી ટ્વીટ કર્યું હતું કે શિવરાજની પિયો અને પડે રહો યોજના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની પિયો અને પડે રહો યોજનાને હવે દરેંક ધર દારૂ ધર ધર દારૂ યોજનાનો સાથ મળી ગયો છે.

## તંત્રી સ્થાનેથી...

# આર્થિક સંકટના વમળમાં સપડાતી દુનિયા

*આજથી સાઈઠ વર્ષ પહેલાં એક સોવિયેત નેતાને એક શતરંજી ચાલ સૂઝી હતી. તેણે વિચાર્યું કે પરમાણુ બોમ્બથી સજ્જ બે મિસાઈલોને ગુપચુપ ક્યુબા લઈ જઈને અમેરિકાના નાક નીચે તૈનાત કરીને તેને દબાવવામાં આવે, પરંતુ તેઓ તેનો હિસાબ ન માંડી શક્યા કે પછી અમેરિકાની ચાલ શું રહેશે અને શું તેનો તોડ તેની પાસે છે? એ ઘટનાના સાઈઠ વર્ષ બાદ રશિયાના નેતાને તેનાથી પણ દુસ્સાહસી ચાલ સૂઝી. તેણે અમેરિકા અને નાટો દેશો સાથે દોસ્તી વધારી રહેલા પોતાના પડોશી યુક્રેન પર હુમલો કરીને અમેરિકા અને નાટોને એક રીતે ધમકાવ્યા, પરંતુ તેમની ચાલ શું હશે તેનો વિચાર તેમણે ન કર્યો. નિકિતા ખ્રુશ્ચોવની જેમ ફસાવાની સાથે સાથે પુતિને પોતાની ચાલથી વૈશ્વિક ક્રમ અને સંતુલનના કેટલાય ગંભીર પ્રશ્નો ઊભા કરી દીધા છે. બીજા વિશ્વયુદ્ધ અને શીતયુદ્ધ બાદથી એમ મનાવા લાગ્યું હતું કે પરમાણુ શસ્ત્રોના પારસ્પરિક સંહારના ખતરાએ પરમાણુ શક્તિઓ વચ્ચે યુદ્ધની આશંકાને સમાપ્ત કરી દીધી છે, પરંતુ યુક્રેન પર જીત હાંસલ નહિ કરી શકવાથી ગિન્નાયેલા પુતિનની આખરી ચાલ રૂપે પરમાણુ શસ્ત્રોનો પ્રયોગ કરવાની ધમકીએ એ માન્યતા પર સવાલ ઊભા કરી દીધા છે. હવે અમેરિકા અને નાટો સામે સૌથી મોટો સવાલ એ છે કે જો પુતિન મોટા સંહારક પરમાણુ શસ્ત્રોની જગ્યો સીમિત દાયરાવાળા પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરે છે તો તેમનો શો જવાબ હશે? પાકિસ્તાન અને ઉત્તર કોરિયા પણ હંમેશાં આ પ્રકારની ધમકીઓ આપતા રહે છે. પરમાણુ શક્તિ સંપન્ન દેશોના બેફામ અને વિસ્તારવાદી શાસક હવે સમગ્ર વૈશ્વિક વ્યવસ્થા માટે સંકટ પેદા કરી રહ્યા છે. તેમના વિશે દુનિયાએ ગંભીરતાથી વિચારવું પડશે.*

*અત્યાર સુધી વિશ્લેષકો વિચારતા હતા કે યુરોપીય સંઘ અને રશિયા તથા અમેરિકા અને ચીન વેપાર માટે એકબીજા પર એટલા નિર્ભર થઈ ચૂક્યા છે કે હવે તેમની વચ્ચે યુદ્ધ થવાના અણસાર નથી. યુક્રેન પર રશિયાના હુમલા અને તાઈવાન મામલે ચીનની વધતી ધમકીઓએ એ ધારણાને ધ્વસ્ત કરતાં સાબિત કર્યું કે હકીકત તેનાથી વિપરીત છે. પુતિને યુરોપની ઊર્જા નિર્ભરતાને તેની કમજોરી માનીને યુક્રેન પર હુમલો કર્યો. તેમને લાગતું હતું કે એક તો યુરોપના દેશ રશિયા સામે ઊભા થશે નહીં અને થયા તો ઊર્જા સંકટથી ભાગી જશે, પરંતુ એવું થયું નહીં. વેપારને લઈને અમેરિકા અને ચીનની પરસ્પર નિર્ભરતા તો હજુ વધારે છે. તેથી કદાચ ચીની નેતા તાઈવાનને આંચકી લેવા માટે રશિયા જેવું દુસ્સાહસી પગલું ન ભરે, પરંતુ યુક્રેન પર હુમલાએ સાબિત કરી દીધું કે લશ્કરી હિતો સામે આર્થિક હિતો ગૌણ જ રહે છે, ભલે તે ગમે તેટલા મહત્ત્વના કેમ ન હોય!*

*ચીનની અર્થવ્યવસ્થા પર મંદીની સાથે સાથે કોવિડની લહેરે કહેર મચાવ્યો છે. જો ચીને ફરીથી પ્રતિબંધો લગાવવા મજબૂર થવું પડે છે તો ચીનથી આવનારા માલનો પૂરવઠો ફરીથી બંધ થઈ શકે છે. ચીન અને ભારત દુનિયાની અર્થવ્યવસ્થાના સપ્લાય એન્જિન છે અને અમેરિકા તથા યુરોપ માંગનાં એન્જિન. યુરોપમાં મંદી આવી ચૂકી છે અને અમેરિકામાં આવવાના અણસાર છે અને જો ચીન પણ કોવિડથી ઠપ્પ થઈ ગયું તો ભારત ક્યાં સુધી બચી શકશે? આ તમામ સંકટો વચ્ચે તેલ ઉત્પાદક દેશોએ રશિયા સાથે મળીને સંકટનો લાભ લેવા માટે એક કાર્ટેલ કે નફાખોર સંઘની જેમ કામ કરવું શરૂ કરી દીધું છે. અમેરિકાએ તેમને કાર્ટેલ બનાવીને સંકટનો લાભ લેતાં રોકી રાખ્યા હતા, પરંતુ અમેરિકાના ઊર્જા આત્મનિર્ભર બન્યા બાદથી આ દેશોનો ઝુકાવ સૌથી મોટા તેલ ઉપભોક્તા ચીન અને તેલ ઉત્પાદક રશિયાના જૂથ તરફ થઈ રહ્યો છે. ઊર્જા સંકટથી દુનિયાને રાહત પહોંચાડવા માટે તેલ ઉત્પાદન વધારવાના અમેરિકાના અનુરોધને ઠુકરાવીને તેમણે ઉત્પાદન ઘટાડી દીધું, જેથી ભાવ નીચે ન આવે. તેમની ઊર્જા પર નિર્ભર ભારત જેવા દેશો તેમાંથી બોધ લઈને કોઈ વૈકલ્પિક નીતિ બનાવવી જોઈએ.*

બેડ બાય બાય -૨૦૨૨
કોરોનાનો ઓછાયો,
પાછો મંડરાયો છે!
રશિયા-યુક્રેનને લીધે,
વિશ્વયુદ્ધની આશંકા ,
ડાકણની જેમ,
હડિયાપાટી કરે છે.
એક કોળિયા માટે,
જદોજહત વધી છે.
ચંદ નોટો રળવાની,
મુશ્કેલી વધી છે.
હરેક ચહેરા પર,
સવાલી ધુંઆ છે,
પણ એનો,
આગઝરતા જવાબ કયાં છે??
શેરબજારના છપ્પરફાડ,
સેન્સેકસથી,
મુફલિસના ભાણામાં રોટલી કયા આવે છે?
ઈમોજી જેન,
કાશ રોટલી પણ,
ગૂગલ પરથી,
ડાઉનલોડ કરી શકાય!!
મેસેજ ડીલીટ કરીએ,
તેમ જ સ્તો વળી,
સમસ્યા ડીલીટ કરાય!!
બે હજાર બાવીસે,
જીંદગી વિષમય અને વસમી બનાવી.
કોઈના ચહેરા પર,
સપનામાં પણ,
ખુશીની સુનામી ન આવી!!
આપસી રંજાડ ,
ગીલે શિકવે,
ઉન્માદ , નફરત, ઘૃણાની,
પૂનમી ભરતી આવી!!
ભરત વૈષ્ણવ..૩૦.૧૨.૨૦૨૨.

# ડોકટરી કરવા કોઇ ફિલ્મોનું સ્ટારડમ છોડે ખરું???

આપણા ફિલ્મ ઈન્ટસ્ટ્રીઝમાં જે પ્રતિભા ચમકીને ટોચ પર પહોંચી તે તમામ સ્ટાર કીડઝ કે પરિવારવાદનો હિસ્સો ન હતી. સ્વપ્નનગરી મુંબઈમાં કેટલા લોકો ભાગ્ય અજમાવવા વતનને છોડીને આવે છે. જૂના જમાનામાં લોકો લોટી-દોરો લઈને કિસ્મત નામના હીરા પર પુરુષાર્થ સફળતાની પહેલ પાડવા માટે અડગ મનના માણસની જેમ ચટાન જેવો સિનો ( ભાઈ તમને છપ્પન ઈંચ કેમ યાદ આવે છે??આવું બધું ગિમિકસ રાજકારણમાં હોય. જ્યાં જેની મદદ લઈ આગળ વધ્યા હોઈએ તેના જ પૃષ્ઠ ભાગ પર કચકચાવીને પ્રહાર કરવાનો હોય! અથવા પેલાનો પગથિયા કે સીડી તરીકે ઉપયોગ કરી કચરાપેટીમાં ધકેલવાનો હોય. એટલે જ પાર્ટી દફતરોના ડસ્ટબિન ડમ્પ કરેલા કચરાથી લે છલકાની માફક છલકાતા હોય છે!! રાજકારણમાં સગા બાપનો પણ વિશ્વાસ કરવાનો ન હોય તો ચેલા ચપાટા પર વિશ્વાસ કરો એટલે જેમને અડવાની ના પાડે છે તેની જેમ માર્ગદર્શક મંડળમાં મનેકમને ધકેલવાનું રહે!!) પડે છે. એ વ્યકિત કોહિનૂરની જેમ ઝગમગવા માંડે છે. જૂના જમાનામાં લોકો લોટો લઈને આવે એ સમજાય પણ દોરીનો શું ઉપયોગ એ કાંઈ પલ્લે પડતું નથી.( તમને ખબર હોય તો જણાવજો.)

આપણા ટ્રેજેડી કિંગ યુસુફખાન ઉર્ફે દિલિપકુમાર ફળોના વેપારી હતા.,ફિલ્મોમાં પ્રેક્ષકો પર અભિનયના કામણ ફેલાવ્યા પછી દિલીપસાબ કયાં રીટાયર થયા હતા કે પાછા ફળો વેચે?? જિંદગીએ તેમને નિવૃત કર્યા ત્યાં સુધી લાઈટ ઓન,ઓકે કટ કે રીટેકની દુનિયામાં બાદશાહની જેમ જીવ્યા હતા!!

દેશભક્તિનું ઓબ્લેસન જેમને હદ બહાર ફળેલું અને દેશભક્તિની ફિલ્મો બનાવી કે ફિલ્મોમાં અભિનય કરીને ઘરની તિજોરીઓ છલકાવી એવા ભારતકુમાર ઉર્ફે મનોજકુમાર ઉર્ફે હરિ ગોસ્વામી દિલ્હીમાં સિવવાના સંચા વેચતા હતા. ફિલ્મોમાં લગભગ પરવારી ગયેલ છે પણ સિવવાના સંચા વેચવા દિલ્હી ગયેલ નથી.પૃથ્વીરાજ કપૂરથી રણબીર કપૂર સુધી ફિલ્મ સ્ટારોની વણથંભી વણઝાર ધરાવતા કપૂર પરિવારે ફિલ્મોમાં એકચક્રી શાસન ભોગવ્યું છે. આરકે ફિલ્મ સ્ટુડિયો ફિલ્મન જગતની ચડતીપડતીનો વિશ્વસનીય ગવાહ છે!!

ઈપ્ટાની સ્થાપના પૃથ્વીરાજ કપૂરે કરેલ. તે ફિલ્મ સ્ટાર બનવા માટે જ જન્મેલ. તેણે બીજા કોઈ ધંધા કે વ્યવસાયને હાથ લગાડયા અભિનયની ગાડી પૂરપાટ ઝડપે દોડાવી. એક મચ્છર સાલ્લા આદમી કો હીજડા બના દેતા હૈ જેવા ડાયલોગ બોલનાર નાના પાટેકર પરિવારનું ભરણપોષણ કરવા ફિલ્મી પોસ્ટર બનાવવાનું કામ કરતો!!મિલિનિયમ મહાનાયક અને સળંગ સાત ફલોપ પિકચર આપ્યા પછી એંન્ગ્રી યંગ મેનની બ્રાંડિંગ સાથે સુપર સ્ટાર તરીકે ઉદય પામેલા અમિતાભે ઝંઝીર ફિલ્મથી સફળતાનો સિપ મારેલો. પછી પાછા વળીને જોયું નથી. સિતેર પ્લસ હોવા છતાં તેને ધ્યાનમાં રાખીને ફિલ્મોના રોલ લખાય છે. એની સાથે સંઘર્ષ કરનાર અભિનેતા શોધ્યા પણ જડતા નથી!! અમિતાભ ફિલ્મોમાં આવ્યા પહેલાં કોલકોતામાં ફાર્માસ્યુટિકલ કંપનીમાં રૂપિયા બાર સોના પગારે નોકરી કરતા હતા.ખિલાડી ફિલ્મોની હારમાળા લગાડનાર અને સેનેટરી પેડ તેમ જ ટોઈલેટ જેવા શુષ્ક અને અરૂચિકર વિષયો પર ફિલ્મો બનાવનાર અક્ષયકુમાર ઉર્ફે રાજીવ ભાટિયા બેંગકોકની હોટલમાં શૈફ એટલે કે રસોઈયા હતા. સમાંતર ફિલ્મોના એવરગ્રીન વર્સેટાઈલ એકટર અમોલ પાલેકર બેંકમાં કારકુન હતા.અભિનયની મોબાઈલ ઈન્સ્ટિટયુટ એવા ડો. શ્રી રામ લાગુ ગમે તેવી પડકારજનક ભૂમિકામાં લાગુ પડી જતા હતા. ડો. લાગુ ખરેખર મેડીકલ પ્રેકટિશનપ હતા. તે વિધ્યા વાચ્સપતિ પ્રકારના એટલે દર્દી વિનાના ડોકટર એટલે પીએચડી ન હતા.વરસો પછી એક ફિલ્મમાં ડો. લાગુને ડોકટરની ભૂમિકા ભજવવાની હતી. કોમેડી એ વાતની થઈ કે ફિલ્મોમાં ગળાડૂબ હોવાથી ડોકટર સાહેબ ડોકટરી ભૂલી જ ગયેલા!!

લો કર લો બાત!! પછી એમણે બધુ રિવાઈવ કર્યું અને માંડમાંડ ડોકટરીની એકટિંગનું ગાડું ગબડાવેલું!!તમને થશે કે લેખકડાએ આ ફિલ્માયણ કેમ માંડી છે ?એવો સવાલ થાય! હમણા વાત એવી બની છે કે સાંઈ પલ્લવી સાઉથની ફિલ્મોની સફળતમ કુડી છે.

પ્રેઝન્ટેબલ અને યંગ છે. યંગ ડયુડની હાર્ટ થ્રોબ છે.ફિદા, મારી,ગાર્ગી જેવી ફિલ્મો હીટ થયેલી છે. ફેમિનીઝમ એટલે કે નારીલક્ષી ફિલ્મોમાં કામ કરી સોનું ધ્યાન ખેંચવાનાં સફળ રહી છે. સામાન્ય રીતે હીરોઈન ઉધ્યોગપતિ, નિર્માતા, દિગ્દર્શક, વેપારી જેવા હુષ્ટપુષ્ટ બકરાને પ્રેમના નામે ફસાવી લગ્ન કરી ઈકોનોમિકલ સિકયુરિટી મેળવે. લગ્ન પછી એકટિંગની દુકાન કે મોલના શટર પાડી દે!! પલ્લવી પણ એકટિંગ છોડી રહી છે. હા પણ એ લગ્ન કરી સંસારમાં ઠરીઠામ થવા માટે ફિલ્મો છોડી રહી છે. ફિલ્મો છોડવાનું કારણ સિલી છે.યેસ,સાંઈ જયોર્જિયાની બિલિસી સ્ટેટ મેડીકલ યુનિવર્સિટીમાંથી એમબાબીએસ થઈ છે. મુન્નાભાઈ એમબીબીએસ જેવી નહીં પણ રિયલ ડોકટર છે. હવે, મેડીકલ પ્રેકટિસ કરવા સ્ટારડમ છોડી રહી છે. આને અવળચંડાઈ ન કહેવાય તો શું કહેવાય ?

આ ફિલ્માયણ સાંભળી રાજુ રદી સાહેબ રાજકારણ છોડી ચાયવાલા બનવાનું નકકી કરે તો સાહેબના હાથની કડકમીઠી ચા પીવા જવાના દિવાસ્વપ્નમાં રાચે છે. કહે છે કે ગધેડાના ગામ ન હોય એ કહેવત સાચી પડી રહી છે!!!

ભરત વૈષ્ણવ
૩૦.૧૨.૨૦૨૨.

### હીરા માં ને નમન

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ-ગૃહ પ્રધાન અમિત- કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સહિત અન્ય નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબા (નરેન્દ્ર મોદીના માતાનું નિધન) શુક્રવારે વહેલી સવારે નિધન થયું છે. બુધવારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. માતા હીરાબેનના નિધન પર પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું- શાનદાર શતાબ્દીનો ઈશ્વરના ચરણોમાં વિરામ . આ પહેલા બુધવારે પીએમ મોદી અમદાવાદની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં તેમની માતાની હાલત પૂછવા ગયા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પીએમ મોદીના માતાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે પૂજ્ય માતાજીના નિધનના સમાચારથી તેઓ ખૂબ જ દુ:ખી છે. માતા એ વ્યક્તિના જીવનની પ્રથમ મિત્ર અને શિક્ષક છે, જેની ખોટ નિ:શંકપણે વિશ્વનું સૌથી મોટું દુ:ખ છે.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે વડાપ્રધાનના માતાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે હીરા બાના અવસાનથી તેઓ ખૂબ જ દુ:ખી છે. માતાના અવસાનથી વ્યક્તિના જીવનમાં એવી ખાલીપો આવી જાય છે, જેને ભરવો અશક્ય છે. તેમણે આ દુ:ખની ઘડીમાં વડાપ્રધાન અને તેમના સમગ્ર પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાનના માતાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને ભગવાનમાં તેમની શાંતિની કામના કરી હતી. તેમણે ટ્વિટર પર લખ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માતા પૂજ્ય હીરાબાના નિધનથી ખૂબ જ દુ:ખી છું. પૂજ્ય હીરાબા ઉદારતા, સાદગી, પરિશ્રમ અને જીવનના ઉચ્ચ મૂલ્યોના ઉદાહરણ હતા. હું પ્રાર્થના કરું છું કે ભગવાન તેમના આત્માને શાંતિ આપે. શાંતિ.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ વડાપ્રધાનના માતાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. વડા પ્રધાનને ભક્તિ, તપસ્યા અને ક્રિયાની ત્રિવેણી ગણાવતાં તેમણે કહ્યું કે આવી વ્યક્તિનું સર્જન કરનાર માતાના ચરણોમાં તેઓ વંદન કરે છે.બસપા સુપ્રીમો માયાવતીએ હીરાબાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. વડા પ્રધાન અને તેમના પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતાં માયાવતીએ કહ્યું કે કુદરતે તેમને અને તેમના પ્રિયજનોને દુ:ખ સહન કરવાની શક્તિ આપવી જોઈએ.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વડાપ્રધાન મોદીની માતા હીરાબાને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે એક પુત્ર માટે તેની માતા આખી દુનિયા છે. માતાનું અવસાન પુત્ર માટે અસહ્ય અને ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ છે. તેમણે ભગવાન શ્રીરામને પ્રાર્થના કરી છે કે તેઓ દિવંગત પવિત્ર આત્માને તેમના ચરણોમાં સ્થાન આપે. ડેમોક્રેટિક આઝાદ પાર્ટીના અધ્યક્ષ ગુલામ નબી આઝાદે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વડાપ્રધાન મોદીની માતાના નિધનના દુ:ખદ સમાચાર મળ્યા. ભગવાન દિવંગત આત્માને પાવન ચરણોમાં સ્થાન આપે. મોદીજી અને તેમના પરિવારના સભ્યો દુ:ખની આ ક્ષણોમાં હિંમત આપે.રાહુલ ગાંધીએ પણ હીરાબાના નિધાન પર શોક વ્યકત કર્યો હતો.હીરાબાના નિધનને લઈ વડનગર શોકમગ્ન બની ગયું હતું. વડનગરના વેપારીઓ હીરાબાના નિધનને લઈ સ્વયંભૂ બંધ પાળ્યો હતો.વેપારીઓએ ત્રણ દિવસ બંધ પાળી હીરાબાને શ્રધ્ધાંજલી આપશે.મહેસાણામાં પણ આજે બધ પાડવામાં આવ્યો

# યુપીમાં એક હોસ્પિટલની બહાર ઓક્સિજન સિલિન્ડર વિસ્ફોટમાં બે લોકોના મોત

લખનૌ,તા.૩૦

ઉત્તર પ્રદેશના ચંદૌલી જિલ્લામાં એક ખાનગી હોસ્પિટલની બહાર આજે થયેલા પ્રચંડ સિલિન્ડર વિસ્ફોટમાં બે લોકોના મોત થયા છે. વિસ્ફોટ એટલો ભયંકર હતો કે આસપાસના લોકો ઘરોમાં છુપાઈ ગયા હતા. વિસ્ફોટથી હોસ્પિટલ અને આસપાસના ઘરોના કાચ તૂટી ગયા હતા. જે વીડિયો સામે આવ્યો છે તેમાં લોકો ડરી ગયા છે અને ઓક્સિજન સિલિન્ડરોથી ભરેલી ટ્રક પણ રસ્તાની વચ્ચે ઉભી જોવા મળી રહી છે. માહિતી મળતાં જ પોલીસ અધિક્ષક, સીઓ અને મુગલસરાયના ધારાસભ્ય ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ, દયાલ હોસ્પિટલ મુગલસરાય કોતવાલી વિસ્તારના રવિનગર વિસ્તારમાં આવેલી છે. અહીં સવારે ૯ થી ૯:૩૦ વચ્ચે ઓક્સિજન સિલિન્ડરનું વાહન ઓક્સિજન સિલિન્ડર પહોંચાડવા આવ્યું હતું. આ દરમિયાન ઓક્સિજન સિલિન્ડર અનલોડ કરવામાં આવી રહ્યો હતો, ત્યારે કોઈ કારણોસર ઓક્સિજન સિલિન્ડર ફાટ્યો. જેના કારણે ઓક્સિજન સિલિન્ડરના વાહન પર હાજર બે લોકો તેની લપેટમાં આવી ગયા હતા.મુગલસરાય પોલીસ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરના સીઓ અનિરુદ્ધસિંહ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે આજુબાજુ લોકોનું ભારે ટોળું એકત્ર થઈ ગયું હતું. ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ અધિક્ષક અંકુર અગ્રવાલે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને ફોરેન્સિક ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી.મૃતકોની ઓળખ થઈ ગઈ છે, બંને લોકો ઓક્સિજન સિલિન્ડર સપ્લાય કરતી કંપનીમાં કામ કરતા હતા. ઘટના સમયે હોસ્પિટલની બહારથી પસાર થઈ રહેલ ટ્રેક્ટર ચાલક ઈંટો ભરેલું ટ્રેક્ટર મુકીને નાસી ગયો હતો. પોલીસ અધિક્ષક અંકુર અગ્રવાલે જણાવ્યું કે આ કેસમાં આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. ઓક્સિજન સિલિન્ડર રિફિલિંગ અને પેકિંગ યોગ્ય હતું કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે.

# મા કરતાં મોટું કંઈ નથીઃ મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કહ્યું- તમે થોડો આરામ કરો

કોલકતા,તા.૩૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતાને શ્રદ્ધાંજલિ આપી. મમતા બેનર્જીએ કહ્યું, આદરણીય પીએમ, આજનો દિવસ તમારા માટે દુ:ખદ છે અને મોટી ક્ષતિ છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું, ભગવાન તમને શક્તિ આપે. હું તમારો આભાર વ્યક્ત કરું છું કે તમે પશ્ચિમ બંગાળ આવવાના હતા, પરંતુ તમારી માતાના અવસાનને કારણે તમે આવી શક્યા નહીં, પરંતુ વર્ચ્યુઅલ રીતે જોડાયા. હું કહીશ કે તમે થોડો આરામ કરો. આજે હું મારી માતાને પણ મિસ કરી રહી છું. મને ખબર નથી કે તેને કયા શબ્દોમાં વ્યક્ત કરું. તમારી માતાનું અવસાન બહુ મોટી ક્ષતિ છે.

મમતા બેનર્જીએ કહ્યું, પ્રધાનમંત્રીજી તમારા માટે આજનો દિવસ ખૂબ જ દુ:ખદ છે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે. હું તમને વિનંતી કરીશ કે આ કાર્યક્રમ ટૂંકો રાખો કારણ કે તમે હમણાં જ તમારી માતાના અંતિમ સંસ્કારમાંથી આવ્યા છો. તમને જણાવી દઈએ કે, પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોલકાતા મેટ્રોની પર્પલ લાઈનના જોકા-તારાતલા સેક્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જી પણ હાજર રહ્યા.

એ યાદ રહે કે વડાપ્રધાન મોદીના માતા હીરાબાનું સવારે સાડા ત્રણ કલાકે ૧૦૦ વર્ષની વયે નિધન થયું છે. વડાપ્રધાન મોદીએ જાતે જ આ અંગે ટ્વિટ કરીને માહિતિ આપી હતી. શતાયુ હીરાબાના નિધનના સમાચાર મળતા જ ઁસ નરેન્દ્ર મોદી તાત્કાલિક ગાંધીનગર પહોંચી ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના રાયસણ સ્થિત તેમના ભાઈ પંકજ મોદીના નિવાસસ્થાને પહોંચીને માતા હીરાબાના અંતિમ દર્શન કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માતાને જોઈને ભાવુક થઈ ગયા હતા. વડાપ્રધાને માતાને શીષ ઝુકાવીને નમન કર્યા હતા. હીરા બાની તમામ અંતિમ વિધી ગાંધીનગરના સેક્ટર ૩૦ના સ્મશાન ઘાટમાં હિંદુ ધર્મ અનુસાર કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાની અંતિમ પ્રદક્ષિણા ફરીને માતાના પાર્થિવ દેહને મુખાગ્નિ આપી હતી. આ દરમિયા અનેક સ્વજનો, સીએમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ અનેક નેતાઓ હાજર રહ્યા હતા. આ સાથે જ હીરા બા પંચમહાભૂતમાં વિલિન થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માતાને અંતિમ વિદાય આપતા સમયે ભાવુક થઈ ગયા હતા. તેમણે ભારે હૈયે માતાને અંતિમ વિદાય આપી હતી

# ગ્લાલિયરના સિરોલ વિસ્તારમાં બાજપાઈની યાદમાં સ્મારક બનાવાશે

ગ્લાલિયર,તા.૩૦

મધ્યપ્રદેશ સરકારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈની યાદમાં બનનાર સ્મારક માટે ગ્વાલિયરમાં ચાર હેકટરથી વધુ જમીનની ફાળવણી કરી છે.એક અધિકારીએ જણાવ્યું હતું કે આ સ્મારક નવી કલેકટ્રેટની પાસે બનાવવામાં આવશે અને તેમાં અટલજીથી જોડાયેલ સામગ્રીનું પ્રદર્શન થશે

ગ્વાલિયર તાલુકાના કમિશ્નર દીપક સિંહે કહ્યું કે ગ્વાલિયરના જીલાધિકારી પૂર્વ વડાપ્રધાન સ્વ અટલ બિહારી બાજપાઈ સ્મારકની સ્થાપના માટે પ્રસ્તાવ આપ્યો હતો.

સ્મારક માટે સિરોલ વિસ્તારમાં જમીન આપવામાં આવી છે આ સ્મારક લગભગ ૪,૦૫૦ હેકટર જમીન પર બનશે

અધિકારી દીપક સિંહે કહ્યું



કે જમીન ફાળવણીનો પ્રસ્તાવ તાલુકા સ્તરીય નજુલ સમિતિમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ પર નગર નિગમ અને ટાઉન અને કંટ્રી પ્લાનિંગ વિભાગે પણ પોતાની સહમતી આપી દીધી છે અને કોઈએ સમયાવધિમાં વાંધો પણ ઉઠાવ્યો ન હતો તેમણે કહ્યું કે આ સ્મારક માટે ગ્વાલિયરમાં લગભગ ૪,૦૫૮૦ હેકટર જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે.

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ જન્મેલા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈએ વડાપ્રધાનના રૂપમાં ત્રણ વાર દેશની સેવા કરી અને ૧૬ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ નવીદિલ્હીમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતાં રાજયના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગત વર્ષ ૧૬ ઓગષ્ટે બાજપાઈની ત્રીજી પુષ્ણતિથિ પર તેમના જન્મ સ્થાન ગ્વાલિયરમાં તેમની યાદમાં એક ભવ્ય સ્મારકને બનાવવાની જાહેરાત કરી.આ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગ્વાલિયરમાં એવું સ્મારક બનાવવામાં આવશે જે પ્રેરણા આપવાનું કામ કરશે તેમણે કહ્યું હતું કે અટલજીના આદર્શોના અનુરૂપ અને પીએમ નરેન્દ્ર મોદીના કુશલ નેતૃત્વમાં વૈભવશાળી ભારતનું નિર્માણ થઈ રહ્યું છે.

# જાપાન, નેપાળ અને પાકિસ્તાનના વડાપ્રધાને પીએમ મોદીની માતા હીરાબાને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાનના માતા હીરાબાના નિધન પર પીએમ મોદીને દેશભરના નેતાઓ સહિત જાપાનના પીએમ ફુમિયો કિશિદા, નેપાળના પીએમ પુષ્પ કમલ દહલ પ્રચંડ અને પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફે શ્રદ્ધાંજલિ આપી હતી. હીરાબાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો છે ત્યારે માતાના નિધન પર પીએમ મોદીને દેશભરના નેતાઓ સહિત જાપાનના પીએમ ફુમિયો કિશિદા, નેપાળના પીએમ પુષ્પ કમલ દહલ પ્રચંડ અને પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફે શ્રદ્ધાંજલિ આપી છે.

જાપાનના પીએમ ફુમિયો કિશિદાએ હીરા બાના નિધન પર દુખ વ્યક્ત કર્યુ નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબેન મોદીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું, “માતાને ગુમાવવાથી મોટી ખોટ કોઈ નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમની માતાના નિધન પર મારી સંવેદના.

પીએમ મોદીએ ટ્વિટ કરીને હીરાબાના નિધનની જાણકારી આપી હતી. તેમણે લખ્યું – એક ગૌરવપૂર્ણ સદી ભગવાનના ચરણોમાં છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG.SS NO.0095

વિષય:- મારા NOG સાહિત્ય સરિતા ગૃપનાં પ્રથમ સ્નેહમિલનનો યાદગાર દિવસ

પ્રકાર:- ગદ્ય / લેખ

અવસરના જોશ કરતાંયે હોય છે વધારે,અવસર પત્યા પછીના સૂનકારની ઉદાસી

અવસરના મંડાણથી જ મન હૃદય અને શરીરમાં આવી જાય છે એક અનોખું જોશ. આવા જ જોશ અને ઉત્સાહથી આયોજન કરેલાં પ્રદિપભાઈ અને મીનાક્ષીબેન તેમજ સમગ્ર એડમીન ટીમના સાથથી અને સહકારથી ૨૪ ડિસેમ્બરને શનિવારનાં સાહિત્ય સરિતા ગૃપનાં અનોખા, મસ્ત અને અદભૂત યાદગાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો મને મોકો મળ્યો.

આ કાર્યક્રમ હતો 'ન્યૂઝ ઓફ ગાંધીનગરના' અમદાવાદ ખાતે આવેલ અંધજન મંડળ ખાતે યોજાયેલ વાર્ષિક સ્નેહમિલનનો પ્રથમ કાર્યક્રમ.

કાર્યક્રમમાં સહભાગી થવાનો અવસર મને મળ્યાનો અને સહભાગી બનનાર પ્રત્યેક વ્યક્તિના મુખ પર આનંદ છલોછલ છલકાતો જોવા મળતો હતો. જેના કારણે વાતાવરણમાં કંઈક અલગ જ તાજગી જોવા મળી.

ઉપસ્થિત સભ્યોમાં ઉત્સાહ અનેરો જોવા મળતો હતો. સૌ પોતાની સાથે પોતાની શ્રેષ્ઠ કૃતિઓનો આસ્વાદ કરાવવા માટે અધીરાં બન્યાં હતાં.

મુખ્ય અતિથિ તરીકે પધારેલા ઉત્તમ સાહિત્ય સર્જક અને ઉત્તમ કવિ શ્રી કૃષ્ણ દવેની સુંદર રચનાએ વાતાવરણને રંગીન બનાવીને સૌને એમની રચનામાં ડોલતા કરી દીધાં હતાં.

તો રેખાબેન, શ્વેતાબેન, ચૈતાલીબેન, જ્યોતિબેનની ગઝલ, તો કીર્તિ બેનની રચનાને પ્રદિપભાઇ એ પોતાનો સ્વર આપીને સુંદર રીતે ગાઈને રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધાં હતા. આમ ગીત, ગઝલો અને પદ્ય કૃતિઓની જામી ગઈ રમઝટ ....

તો જિજ્ઞાબેન, આરતીબેન અને વિભૂતીબેનની એકોક્તિ નાટ્ય રચના અને એકપાત્રિય અભિનયે તો સૌને જાણે ઈતિહાસનાં સાક્ષી બનીને રામાયણ અને મહાભારતનાં યુગમાં પહોંચાડી દીધાં હતાં.

માયાબેન અને દાદીશાની ગદ્ય રચનાએ સૌને સાહિત્યની ઊંડાણથી સમજણ આપી દીધી.

કલ્પનાબેનની રમૂજ સાથે સાથે પોતાની આગવી હાસ્ય અને હળવી શૈલીએ સૌને હળવા કરી દીધાં હતાં.

સવારે ગરમાગરમ ચા, કોપી સાથે ગરમ ગોટા અને બટાકાપૌંઆનો નાસ્તો. પછી કાર્યક્રમની રંગત સાહિત્ય સર્જકો સાથે જામી.

સવારનાં દસ વાગ્યાથી બપોરના દોઢ વાગ્યા સુધી સૌ જામી પડ્યાં . એક એકથી ચડિયાતી કૃતિઓ પ્રગટ થવા લાગી .

વિભૂતિબહેન દેસાઈ ઘાસવાલાએ એમની રસભરી શૈલીમાં લગ્નગીત ગાઈને તરબોળ કરી દીધાં.

સાથે સાથે પદ્ય રચનાઓમાં ડો . રેખા શાહ , જિજ્ઞા કાપુરિયા , સ્વેતા તલાટી , કલ્પના ત્રિવેદી , મેઘના કામદાર , મીના માંગરોલીયા , ભરત સંગાણી , મોહનભાઇ પરમાર , જયકાન્ત ઘેલાણી , જેવાં કવિઓએ એવી જમાવટ કરી કે સૌ પદ્ય રસને માણવામાં ભોજનને જાણે વિસરી જ ગયા હતા.

બપોરના નાનકડા વિરામ બાદ સૌ ગોઠવાઈ ગયા અને જામી ગઈ બીજી બેઠકની રમઝટ. એક સરપ્રાઈઝ આઈટમ હતી ડો . મનિષા વ્યાસનાં પુસ્તક ×મારી સાહિત્ય સરિતા યાત્રા× પુસ્તકનાં વિમોચન કાર્યક્રમની. સૌએ મનમૂકીને આ ક્ષણને માણી.

આદરણિય જશુભાઈએ પણ એક ગઝલ રજૂ કરીને સૌને ખુશ કરી દીધા.

ત્યાર બાદ આવ્યો મારો અને સૌનો મનગમતો કાર્યક્રમ "કરો કે ગીત સંગીત." ગ્રુપના શ્રી નિખિલભાઈ કિનારીવાલા એ પોતાના સુમધુર કંઠે ગીતો ગાઈને સૌને ડોલાવી દીધાં. તો મીનાક્ષીબેને પણ પોતાનાં સ્વરને સુંદર ગીતો ગાઈને હોલમાં ગુંજતો મૂકી દીધો ને એ ગુંજનને વળી ચાર ચાંદ લગાવી દીધા પ્રદિપભાઈએ સાથ આપીને ! આમ સારસ જોડી સમાન બેલડીએ પોતાની અથાગ મહેનતને સંગીતનાં સૂરમાં ઢાળીને સૌનો થાક ઉતારી દીધો.

તો વળી અચાનક જ આવેલા અમેરિકા વસતા શ્રી પ્રજ્ઞા દાદભાવાલા, જિગીષા પટેલ,ડો. ઉષાબહેન ઉપાધ્યાય તથા શિક્ષણવિદ શ્રી ધારિણીબહેન શુક્લની પધરામણી અને આ સૌની સ્નેહભરી વાતોએ ફરીથી સુંદર વાતાવરણ જમાવી દીધું.

હવે જ્યાં આરંભ હોય ત્યાં અંત તો હોય જ ને ! કાર્યક્રમ અંત તરફ જતા જ સૌનું હૈયું ભરાઈ ગયું. કોઈને છૂટા પડવાનું મન થતું ન હતું.

આખરે સ્મૃતિઓને વાગોળતા સૌ રાત્રી ભોજન લઈને છૂટા પડ્યા.

દીપિકા ચાવડા "તાપસી"




NOG સાહિત્ય સરિતા ગ્રુપ ની યોજાયેલ સ્પર્ધામાં તંત્રી/સંચાલક પરિવાર તરફથી જાહેર કરેલા પરિણામો ની ટ્રોફી યોગ્ય અનુકૂળ સમયે મોકલી આપવાનું સ્પર્ધા પરિણામ સમયે કહેવામાં આવતા આજે આ ટ્રોફી બરોડા મુકામે જયશ્રી પટેલ(દાદી શા) દ્વારા મોકલી આપવામાં આવી છે જે વિજેતા ને પહોચાડવામાં આવશે..(વિજેતાઓને પુનઃ ખૂબ ખૂબ અભિનંદન)

### વહાલનું ઝરણું

એક વહાલનું ઝરણું છે, એ મધથીયે મીઠું છે,
સ્વર્ગ કરતાં ચડિયાતું, એ હીરાબાનું શરણું છે.

નેહ નીતરતાં છે નયન, એના ખોળે કરીએ શયન,
સઘળા સંતાપ ટળે, સુખનાં આશિષ મળે.

એક ત્યાગની મૂરત છે, એ પ્રભુથીયે પાવન છે,
ઈશ કરતાં ચડિયાતી, એ હીરાબાની સૂરત છે.

ભાવનાબેન મિસ્ત્રી "અભય"

સદા ચિત્ત ફરજંદમાં રહે, એના ગુણો કવિતામાં વહે,
નારી રૂપે હીરાબા, દીકરી, ભગિની, જનેતા.

એક અક્ષય લહાણી છે, એ વેદોની જ્ઞાતા છે,
બ્રહ્મા કરતાં ચડિયાતી, એ હીરાબાની વાણી છે.



૧૨

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના સભ્ય તરીકેનું ગૌરવ.ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક સન્માન વિજેતા ભાવનાબેન મિસ્ત્રી " અભય" વલસાડ લિખિત " હીરાબા નો હીરલો" પુસ્તક માથી લીધેલ રચના..

## વિક્લી માર્કેટ રિપોર્ટ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૫૦ અને ચાંદીમાં રૂ.૧,૨૪૭નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

### બુલડેક્સમાં ૨૬૩ પોઈન્ટની મૂવમેન્ટઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસ, કોટનના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ મેન્થા તેલમાં સુધારોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૯,૫૨૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૨૨,૯૨૬ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૩થી ૨૯ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૨૭,૬૧,૯૫૨ સોદાઓમાં કુલ રૂ.૨,૦૨,૭૨૫.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૯,૫૨૬.૧૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૨૨,૯૨૬.૩૯ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૯૯,૩૧૬ સોદાઓમાં કુલ રૂ.૪૦,૬૯૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૪,૫૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫,૩૬૫ અને નીચામાં રૂ.૫૪,૪૪૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૫૦ વધી રૂ.૫૪,૯૭૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૦૬ વધી રૂ.૪૪,૧૪૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮૫ વધી રૂ.૫,૪૩૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૦૮૯ના ભાવે ખૂલી, રૂ.૫૭૬ વધી રૂ.૫૪,૬૪૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૮૨૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૩૩૫ અને નીચામાં રૂ.૬૮,૨૦૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૨૪૭ વધી રૂ.૬૯,૭૬૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૬૨ વધી રૂ.૬૯,૬૯૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૩૩ વધી રૂ.૬૯,૬૭૩ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન ૭૭,૨૫૫ સોદાઓમાં રૂ.૧૨,૫૪૩.૬૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૭.૫૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૩.૬૦ વધી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૧૦ વધી રૂ.૭૨૨.૪૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૪૧૬,૧૦૦ સોદાઓમાં કુલ રૂ.૨૬,૧૫૩.૦૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૪૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૨૯ અને નીચામાં રૂ.૬,૩૮૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૮ વધી રૂ.૬,૪૭૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૧.૪૦ ઘટી રૂ.૩૭૫.૯૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૧૦૬ સોદાઓમાં રૂ.૧૩૩.૩૦ કરોડનાં કામકાજ સપ્તાહ દરમિયાન થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧૩૯ના ભાવઘટાડા સાથે રૂ.૧,૫૮૪.૫૦ બંધ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૯,૪૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૯,૫૯૦ અને નીચામાં રૂ.૨૬,૨૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૨૫૦ ઘટી રૂ.૨૮,૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૫૦ વધી રૂ.૧૦૦૭.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૪,૨૫૨.૦૫ કરોડનાં ૨૬,૦૨૯.૪૦૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨૬,૪૪૪.૦૭ કરોડનાં ૩,૮૦૯.૧૯૦ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯,૦૩૯.૪૫ કરોડનાં ૧,૩૭,૭૮,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૭,૧૧૪ કરોડનાં ૪૨,૨૨,૯૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૭૨.૭૭ કરોડનાં ૨૫,૭૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬૦.૩૭ કરોડનાં ૬૦૫.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૨૬.૧૬૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૨૩.૫૪૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૩૯,૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩,૮૧,૪૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૫૨૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૮.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૨૭૨.૫૫ કરોડનાં ૩,૫૫૨ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૨૬૦ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૨૬૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૧૬૪ પોઈન્ટ વધી ૧૫,૪૧૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન રૂ.૧,૨૨,૯૨૬.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૧૨૦.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૦૩.૫૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૪,૦૫૩.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧,૫૩૫.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

## દિલ્હી સરકારે સ્ટાર્ટઅપ્સને સુવિધાઓ આપીને રોજગાર વધારવા માટે ઘણી યોજનાઓ શરૂ કરી



નવીદિલ્હી,તા.૩૦

નવા વર્ષમાં દિલ્હી સરકાર વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની નવી તકો ઊભી કરીને યોજનાઓને ઝડપી બનાવવામાં વ્યસ્ત છે. જુદા-જુદા કારણોસર રોજગાર બજેટની બાકી રહેલી યોજનાઓ જે હજુ સુધી આગળ વધી શકી નથી તેને ઝડપી બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. દિલ્હી સરકાર અંતિમ તબક્કામાં પહોંચી ગયેલી યોજનાઓને જમીન પર મુકવામાં વ્યસ્ત છે. કેબિનેટની મંજૂરી બાદ સ્ટાર્ટઅપ પોલિસી લાગુ કરવા માટે તૈયાર છે.ફૂડ ટ્રક પોલિસી હોય કે શોપિંગ ફેસ્ટિવલ હોય તેમને ઝડપી પાડવામાં આવશે. ટેન્ડર કન્સલ્ટન્ટની નિમણૂક સુધી પહોંચી ગયેલી ફાઈલોની સામે સ્કીમોને આગળ ધપાવવા માટે સરકારે કામમાં ઝડપ લાવવા જણાવ્યું છે.

દિલ્હીમાં રોજગારી પેદા કરતા સ્ટાર્ટ-અપ્સને લઈને પણ સરકારે પોતાની નીતિ બનાવી છે. કેબિનેટની મંજૂરી બાદ તેમાં કેટલાક ફેરફાર કરવાના છે, જેના પર કામ ચાલી રહ્યું છે. તેના અમલીકરણ માટે ઓક્ટોબર મહિનામાં ટાસ્ક ફોર્સની પણ રચના કરવામાં આવી છે. કેબિનેટ દ્વારા ફેરફારોને મંજૂરી મળ્યા બાદ તેનો અમલ કરવામાં આવશે. તે ૨૦૨૩ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સત્તાવાર રીતે લોન્ચ થવાની ધારણા છે.

નવા વર્ષમાં બજારોના પુનઃવિકાસને વેગ મળશે. ગાંધી નગર કાપડ બજારને ગાર્મેન્ટ બિઝનેસનું હબ બનાવવા માટે સરકારે કમલા નગર, કીર્તિ નગર, લાજપત નગર, ખારી બાઓલી અને સરોજિની નગર એમ પાંચ માર્કેટ વિકસાવવાનું કામ શરૂ કર્યું છે. સ્કૂલ ઓફ પ્લાનિંગને તેની ડિઝાઈન તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ માટે કુલ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી આગામી પાંચ વર્ષમાં ૧.૫ લાખ રોજગારીની તકો ઊભી થશે.દિલ્હી સરકારે બાપ્રોલામાં દિલ્હી ઈલેક્ટ્રોનિક સિટી બનાવવાની યોજના પર કામ શરૂ કરી દીધું છે. તેનો ઉદ્દેશ્ય દિલ્હીમાં ઈલેક્ટ્રોનિક સામાનની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેના બિઝનેસને સ્થાનાંતરિત કરવાનો છે. નવા ઉત્પાદન માટે પણ અહીં વ્યવસ્થા કરવામાં આવશે. તેની સંપૂર્ણ પોલિસી તૈયાર છે. તેને મંજૂરી માટે લેફ્ટનન્ટ ગવર્નરને મોકલવામાં આવ્યો છે.

### તુનિષાની માતાના ગંભીર આક્ષેપો

# શિજાન દીકરી તુનિષાને માર મારતો, બુરખો પહેરવા દબાણ કરતો; બહેન દરગાહ લઈ જતી

મુંબઈ,તા.૩૦

૨૦ વર્ષીય એક્ટ્રેસ તુનિષા શર્માએ ૨૪ ડિસેમ્બરે આત્મહત્યા કરી હતી. તુનિષાના મોત બાદથી માતા વનીતાએ પૂર્વ પ્રેમી શિજાન પર એક પછી એક આક્ષેપો કર્યા છે. હવે તુનિષાની માતાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે શિજાને તુનિષાને થપ્પડ મારી હતી અને કહ્યું હતું કે જે કરવું હોય એ કરી લે. આટલું જ નહીં શિજાન તેની પાસેથી મોંઘી મોંઘી ગિફ્ટ માગતો હતો.

તુનિષાની માતાએ પ્રેસ કોન્ફરન્સમાં ગંભીર આક્ષેપો મૂક્યા હતા. માતાએ કહ્યું હતું કે જે દિવસે તુનિષાએ આત્મહત્યા કરી તેના એક દિવસ પહેલાં તે સેટ પર ગયા હતા. તુનિષા ઘણી જ ઉદાસ હતી. આત્મહત્યા કરી તે દિવસે ફોન આવ્યો હતો અને ક્રિસમસ સેલિબ્રેટ કરવા માટે ચંદીગઢ જવાનું કહ્યું હતું.

વનીતા શર્માએ શિજાન પર આક્ષેપ કર્યો છે કે તે દીકરી પાસેથી મોંઘી મોંઘી ગિફ્ટ્સ માગતો હતો. તુનિષાએ શિજાનને ૨૫-૨૫ હજારની ગિફ્ટ્સ આપી હતી. શિજાનની બહેન ફલકનાઝ તુનિષાને દરગાહ લઈને જતી હતી. તુનિષાએ રડતાં રડતાં કહ્યું હતું કે તેનો યુઝ કરવામાં આવ્યો છે.

તુનિષાની માતાએ કહ્યું હતું કે જ્યારે તુનિષાએ શિજાનને સિક્રેટ ગર્લફ્રેન્ડ અંગે સવાલ કર્યો તો શિજાને સેટ પર જ તુનિષાને તમાચો મારી દીધો હતો. શિજાન દીકરી તુનિષાનું માનસિક તથા આર્થિક શોષણ કરતો હતો. શિજાનની માતા કહકશાંને આ બધી વાતો ખબર હોવા છતાં તે કંઈ જ કહેતા નહોતા.

તુનિષાની માતાના શિજાન પર ગંભીર આક્ષેપો કર્યા છે તેમાં તુનિષાએ કહ્યું હતું, શિજાને તેનો યુઝ કર્યો, શિજાન સાથેના બ્રેકઅપ બાદથી તુનિષા ઘણી જ ડિસ્ટર્બ રહેતી હતી, સિરિયલના સેટ પર શિજાને તુનિષાને થપ્પડ મારી હતી,શિજાનની બહેન તુનિષાને દરગાહ લઈ જતી હતી,શિજાને મુસ્લિમ ધર્મ અપનાવવા દબાણ કરતો હતો, બુરખો પહેરવાનું કહેતો,શિજાન, તુનિષા પાસેથી મોંઘી મોંઘી ગિફ્ટ્સ લેતો હતો,શિજાનના પરિવારે તુનિષાને ટ્રેપ કરીને રાખી હતી.

તુનિષાની માતા વનીતા શર્માએ શિજાન પર સનસનાટી મચાવતો દાવો કર્યો છે. તેમણે દીકરીના એક્સ બોયફ્રેન્ડ શિજાન પર ડ્રગ્સ લેવાનો આક્ષેપ કર્યો છે. વનીતા શર્માએ ન્યૂઝ એજન્સી 'છદ્રૈં' સાથેની વાતચીતમાં કહ્યું હતું કે શિજાન ખાન ડ્રગ્સ લેતો હતો. વનીતાએ વધુમાં કહ્યું હતું કે તેમને એ ખ્યાલ નથી કે શિજાન ક્યારથી ડ્રગ્સ લેતો નથી. શિજાનને મળ્યા બાદ તુનિષાની લાઈફસ્ટાઈલ બદલાઈ ગઈ હતી.

તુનિષાના ઘરે કામ કરતી હાઉસ મેડે પણ સ્ફોટક દાવા કર્યા હતા. તેણે કહ્યું હતું કે તુનિષા તથા શિજાનના લગ્નની તૈયારીઓ ચાલતી હતી.

તુનિષા તથા શિજાન એકબીજાના ઘરે આવ-જા કરતા હતા. બંને એકબીજાના ઘરે ચારથી છ દિવસ રોકાતા હતા. તુનિષાની માતા પણ શિજાનના ઘરે જતી હતી. જોકે, બ્રેકઅપ બાદ તુનિષા ઘણી જ દુઃખી હતી અને તે રડતી રહેતી હતી.

મહારાષ્ટ્રના રિપબ્લિક પાર્ટી ઑફ ઈન્ડિયાના નેતા રામદાસ આઠવલેએ તુનિષાના પરિવારની મુલાકાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે તુનિષાના પરિવારને ન્યાય મળવો જોઈએ. તુનિષા પરિવારની એક માત્ર કમાનાર વ્યક્તિ હતી. તેઓ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શિંદેને અપીલ કરશે કે તેઓ ૨૫-૩૦ લાખ રૂપિયા તુનિષાના પરિવારને આપે. આ ઉપરાંત તે પોતાની પાર્ટી તરફથી પણ મદદ કરશે.વધુમાં રામદાસે કહ્યું હતું કે તુનિષાની માતાએ તેમને જણાવ્યું હતું કે શિજાન તેને ઉર્દૂ શીખવતો હતો. ત્રણ મહિનાથી શિજાને તુનિષાને ટ્રેપ કરી હતી.

જો તેણે બ્રેકઅપ કરવું જ હતું તો રિલેશન કેમ બનાવ્યા? આવા લોકોને ફાંસીની સમજા મળવી જોઈએ.રામદાસે એમ પણ જણાવ્યું હતું કે આ કેસની પૂરી તપાસ કરીને ન્યાય આપવામાં આવશે. તેમણે વકીલ ઉજ્જવલ નિકમ સાથે વાત કરી છે.

આ કેસમાં સરકારી વકીલ ઉજ્જવલ નિકમને લાવવા જોઈએ. તે ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પણ મળવાના છે.

તુનિષાએ સુસાઇડ કર્યું એ દિવસે શિજાને સિક્રેટ ગર્લફ્રેન્ડ સાથે દોઢ કલાક વાત કરી હતી. આટલું જ નહીં, શિજાને આ ચેટ પણ ડિલિટ કરી નાખી હતી. સરકારી વકીલે કોર્ટમાં કહ્યું હતું કે જો સિક્રેટ ગર્લફ્રેન્ડ સાથેની એ ચેટમાં કંઈ જ ખોટું નહોતું તો પછી શિજાને એને ડિલિટ કેમ કરી? શિજાનની આ સિક્રેટ ગર્લફ્રેન્ડ પણ ટીવી સિરિયલની એક્ટ્રેસ છે અને તે મુંબઈમાં જ રહે છે. તુનિષાએ શિજાન સાથે ૩ વાગ્યે લંચ કર્યું હતું અને ૩.૧૫ વાગ્યે આત્મહત્યા કરી હતી.

૨૦ વર્ષની તુનિષાએ પોતાના કરિયરની શરૂઆત ટીવી શો ભારતના 'વીર પુત્ર-મહારાણા પ્રતાપ'થી કરી હતી. તે 'ચક્રવર્તી અશોક સમ્રાટ', 'ગબ્બર પુંછવાલા', 'શેર-એ-પંજાબઃ મહારાણા રણજિત સિંહ', 'ઈન્ટરનેટ વાલા લવ' અને 'ઈશ્ક શુભાન અલ્લાહ' જેવી સિરિયલમાં પણ જોવા મળી હતી. તુનિષાએ કેટરીના કૈફની ફિલ્મ 'ફિતૂર'માં બાળપણની ભૂમિકા ભજવી છે.

# સિનિયર નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપમા ગુજરાતને બ્રોન્ઝ મેડલ

## ગુજરાત હેન્ડબોલ ટીમનુ ઐતિહાસીક પ્રદર્શન, સિનિયર નેશનલમા પ્રથમવાર મેડલ




અમદાવાદ,

હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડીયાના ઉપક્રમે હેન્ડબોલ એસોસીએશન ગુજરાત દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નિકોલ, અમદાવાદ ખાતે તા.૨૪ થી ૨૯ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન આયોજીત ૫૧મી સિનિયર નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં સર્વીસીસની ટીમે દિલ્હીને ફાઈનલમાં હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો. જયારે, દિલ્હીને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. ગુજરાત અને હરીયાણાને બ્રોન્ઝ મેડલ એનાયત કરવામા આવ્યા હતા.સ્પર્ધામા ૩૩ ટીમોના ખેલાડીઓ તથા ૧૦૫ કોચ, મેનેજર, સહિતના સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના સમાપન સમારોહમા હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડીયાના પ્રમુખ ચૌટાલા, ખજાનચી ડૉ. એસ.એસ. ગીલ, સાઇના રીટાયર્ડ ચીફ કોચ સી. પી. સીઘ એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, હેન્ડબોલના સિનિયર ખેલાડી જયેશ પટેલ, હેન્ડબોલ એસોસીએશન ગુજરાતના પ્રમુખ ચંદ્રેશ વાઘેલા, મહામંત્રી રવિન્દ્રસિહ રાજપુત ઉપસ્થિત રહ્યા હતા તથા વિજેતા ખેલાડીઓને મેડલ તથા ટ્રોફીથી સન્માનિત કરવામા આવ્યા હતા. સ્પર્ધાના આયોજનમા દક્ષેશ કહાર ,અનિરુદ્ધ દેસાઈ અને એમની ટીમ દ્વારા અને ગુજરાત પોલીસ હેન્ડબોલ ટીમના ખેલાડીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પંચમહાલ જિલ્લાના કાલોલ મુકામે આવેલ નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા આઠ કામદારોને કંટ્રોલિંગ ઓથોરિટી ગોધરા દ્વારા રૂ ૧૧,૬૯,૫૨૩ ચૂકવવાનો આખરી આદેશ

પંચમહાલ,

પંચમહાલ જિલ્લાની કાલોલ ખાતેની નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા રોજમદારો પૈકી ૮ રોજમદારોને તેમની નોકરીના અરસા દરમિયાન કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય નવી નોકરી આપવાની શરતે રાજીનામું લખાવી લીધેલ ત્યારબાદ નિયમો અનુસાર આ કામદારોને સમય મર્યાદામાં ગ્રેજ્યુટી ની રકમ ચૂકવી આપવાની જોગવાઈ હોવા છતાં સંસ્થાના પદાધિકારીઓએ આઠ કામદારોને ગ્રેજ્યુટી રકમ ચૂકવેલ ન હતી જે બાબતે કામદારોએ વારંવાર લાગતા વળગતા અધિકારીઓને તેમની ગ્રેજ્યુટી રકમ ચૂકવી આપવા વિનંતી કરે પરંતુ ગ્રેજ્યુટી ની રકમ ચૂકવવામાં આવેલ ન હતી આ બાબતે કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ એસ ભોઈ નો સંપર્ક કરેલ અને તેમને થયેલા અન્યાય બાબતે રજૂઆતો કરતા ફેડરેશનના એડવોકેટ સીતેશ ભોઈ તથા વૈભવ ભોઈ દ્વારા ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુટી એક્ટ ૧૯૭૨ હેઠળ કંટ્રોલિંગ ઓથોરિટી ગોધરા સમક્ષ ગ્રેજ્યુટી મેળવવાની ફરિયાદ દાખલ કરે જે ફરિયાદ ચાલી જતા કેસમાં પડેલ તમામ દસ્તાવેજી પુરાવા અને અરજદારો તરફે કરેલ દલીલો ધ્યાને લઈ કંટ્રોલિંગ અને મદદની શ્રમ આયુક્ત શ્રી એમ જે સોની સાહેબે આખરી આદેશ માં જણાવ્યા અનુસાર સરોજબેન વિનોદભાઈ ને રૂપિયા ૧ લાખ ૨૩ હજાર ૯૫૦ તથા શારદાબેન કનુભાઈ ને રૂપિયા ૧ લાખ ૫૬ હજાર ૨૯૬ તથાપુષ્પાબેનચંદુભાઈને રૂપિયા ૧ લાખ૭૨ હજાર ૪૬૪ તથા બાબુભાઈ ચીમનભાઈ ને ૧ લાખ ૫૦ હજાર ૯૦૬ તથા સુશીલાબેન મનહરભાઈ ને રૂપિયા ૧ લાખ ૪૦ હજાર ૧૨૭ રાજેશભાઈ ડાયાભાઈ ને ૧ લાખ ૪૫ હજાર ૫૧૭ મંજુલાબેન મનહરભાઈ ને ૧ લાખ ૪૦ હજાર ૧૨૭ તેમજ સતિષભાઈ બુધાભાઈ ને ૧ લાખ ૪૦ હજાર ૧૨૭ ચૂકવવાનો આદેશ કરવામાં આવેલ છે તેમજ તે રકમ પર ૧૦% સાદુ બેક્રેબલ વ્યાજ પણ ચૂકવવાનો આદેશ કરેલ છે જે આદેશનો અમલ દિન ૩૦ માં પાલિકાએ કરવાનો રહેશે જે હુકમથી સફાઈ કામદારોમાં આનંદની લાગણી.

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન
પ્રમુખશ્રી અંબાલાલ એસ ભોઈ
કાલોલ જિલ્લા પંચમહાલ

# ૨૦૨૩ના વર્ષના રાજ્ય સરકારના કેલેન્ડરનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન




ભારતના યજમાન પદે યોજાનારી G-૨૦સમિટ-૨૦૨૩ની વિવિધ વિષયવસ્તુ-થીમ સાથેનું કેલેન્ડર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના વર્ષ-૨૦૨૩ના કેલેન્ડરનું વિમોચન કર્યું હતું


વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ભારતના યજમાન પદે યોજાનારીG-૨૦ સમિટ-૨૦૨૩ના વિવિધ વિષયવસ્તુ-થીમ આ વર્ષના કલેન્ડરમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી દ્વારા તૈયાર કરાયેલું આ કેલેન્ડર G-૨૦ ની વિષયવસ્તુ સાથે ગુજરાતના સર્વગ્રાહી વિકાસને સાંકળી લેતા વિવિધ ફોટોગ્રાફસથી વધુ આકર્ષક અને નયનરમ્ય બન્યું છે.

આ પ્રસંગે માહિતી નિયામક શ્રી આર. કે. મહેતા, ડીજીપીએસ શ્રી વી. એમ. રાઠોડ, અધિક માહિતી નિયામક શ્રી પુલક ત્રિવેદી, સરકારી ફોટો લીથો પ્રેસના મેનેજરશ્રી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.



અમદાવાદ ભવન્સ કોલેજ ખાતે બપોરે બે થી ૪ ના સમયે કનૈયાલાલ માણેકલાલ મુનશી ની ૧૩૫ મી જન્મ જયંતી નિમિત્તે રીટા જાની ના પુસ્તક નો વિમોચન સમારોહ યોજાયો જેમાં ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું .કવિ શ્રી કૃષ્ણ દવે,ભારતીય વિદ્યા ભવન ચેરમેન મુકેશ પટેલ,ગૌરવ શાહ, રીટા જાની (પુસ્તક લેખક)સાહિત્યકાર જયશ્રી પટેલ, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક તંત્રી પ્રદીપ રાવલ..જાણીતા પત્રકાર પ્રદીપ ત્રિવેદી.કેલિફોર્નિયા સાહિત્ય સર્જક કલ્પના રઘુ તેમજ કોલેજ ના પ્રાધ્યાપક,પ્રિન્સિપાલ,વિદ્યાર્થી ગણ હજાર રહી વાંચીકમ યોજાયું..




# સુરતમાં શાળાના બાળકોએ હીરા બાને મૌન પાળીને તો સિવિલમાં નર્સિંગ સ્ટાફ દ્વારા હીરા બાને શ્રદ્ધાંજલિ અપર્ણ કરાઈ

સુરત,તા.૩૦


વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાનું સવારે સાડા ત્રણ કલાકે ૧૦૦ વર્ષની વયે નિધન થયું છે. વડાપ્રધાન મોદીએ જાતે જ આ અંગે ટ્વિટ કરીને માહિતિ આપી હતી. શતાયુ હીરાબાના નિધનના સમાચાર મળતા જ નરેન્દ્ર મોદી તાત્કાલિક ગાંધીનગર પહોંચી ગયા હતા અને માતા હીરાબાના અંતિમદર્શન કર્યા હતા. વડાપ્રધાન માતાને અંતિમ સંસ્કાર આપ્યા બાદ નિર્ધારિત કાર્યક્રમોમાં જોડાયા હતા.મોદીના માતાના નિધન બાદ હવે ગુજરાતભરમાં લોકો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતા હીરાબાનું ૧૦૦ વર્ષની વયે નિધન થયું છે. દેશભરમાંથી હીરા બા ને લોકો શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે ત્યારે સુરતમાં શાળાના બાળકોએ મૌન પાળી હીરા બાને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી હતી.તો બીજી તરફ સુરત સિવિલ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ દ્વારા પણ મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

પ્રધાનમંત્રીના માતા હીરાબાનું આજે વહેલી સવારે નિધન થઈ ગયા બાદ સમગ્ર દેશભરમાંથી નેતાઓ અને લોકો હીરા બાને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી રહ્યા છે.


શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ
(સ્થાપના તા. ૦૬-૧૨-૧૯૮૭)    ટ્રસ્ટ રજી.જ.એફ/૪૯૮૨/અમદાવાદ/તા. ૧૬-૫-૧૯૯૫/ગુજરાત

શત્ શત્ વંદન સહ ભાવભીની શ્રદ્ધાંજલિ
સ્વ. પૂજ્ય હીરાબા



ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માતૃશ્રીનું દુઃખદ અવસાન થયેલ હોવાથી સમસ્ત બ્રહ્મ સમાજમાં શોકની લાગણી પ્રસરેલ છે.

કાર્યક્રમ મોકુફ રાખવામાં આવેલ છે

૩૧-૧૨-૨૦૨૨ શનિવાર ના રોજ શ્રી અનિલભાઈ શુક્લ, મહામંત્રી - શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ જન્મ દિવસની ઉજવણી અને સમાજની ચિંતન બેઠકનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો, પરંતુ આવા દુઃખદ સમાચારના લીધે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ આ દુઃખદની પળોમાં મોદી પરિવારની સાથે છે.

જેથી આ પ્રોગ્રામ મોકુફ રાખવામાં આવેલ છે. જેની સૌ કોઈ સમસ્ત બ્રહ્મ સમાજ પરિવાર, શાળા - કોલેજનો સ્ટાફ પરિવાર, અને સગાં વ્હાલા મિત્રોએ નોંધ લેવા વિનંતી

આ પ્રોગામ ન કરી શકવા બદલ દિલગીર અનુભવીએ છીએ.

શ્રીમતી ડૉ. ધારિણીબેન શુક્લ
પ્રમુખ (મહિલા પાંખ) શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ
શુક્લ પરિવાર


# નવસારીમાં ચાલુ કોર્ટે જજ પર હુમલો:હાફ મર્ડરના આરોપીએ આવેશમાં આવીને મહિલા જજ પર પથ્થર ફેંક્યો, સદનસીબે વાગ્યો નહીં

નવસારી,તા.૩૦

નવસારી સેશન્સ કોર્ટમાં આજે સવારે ૧૧:૩૦ વાગે થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ પર આરોપીએ કોર્ટ કાર્યવાહી દરમિયાન છુટ્ટો પથ્થર ફેંક્યો હતો. જોકે, સબનસીબે મહિલા જજને પથ્થર વાગ્યો નહોતો. આ વાત કોર્ટ પરિસરમાં ફેલાતા આરોપી પર ફિટકાર વરસવા સાથે નવસારી બાર એસોસિએશનને સમગ્ર ઘટનાને વખોડી હતી.

૨૦૧૯ના મારામારી કેસના આરોપી ધર્મેશ ઉર્ફે સુખદેવ ઉર્ફે કાળીયો ગુલાબ રાઠોડ જે મૂળ સુરત રહે છે. તેણે નવસારીના કબીલપોર રહેતા લોકો સાથે મારામારી કરી હતી અને ૩૨૬ના ગુનાના કામે તેના ઉપર કેસ કાર્યરત છે, જે પૈકી આજે સવારે ૧૧:૩૦ વાગે થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ એ.આર. દેસાઈ ઉપર કોર્ટ કાર્યવાહી કરવા દરમિયાન ખીસામાંથી પથ્થર કાઢીને છૂટો ફેંક્યો હતો. જોકે, સદનસીબે એ પથ્થર દિવાલ ઉપર ટકરાયો હતો અને મહિલા જજનો બચાવ થયો હતો. આ સમગ્ર ઘટના બનતા કોર્ટ પરિસરમાં આ ઘટનાને લઈને નિંદા કરવામાં આવી છે. અગાઉ પણ આ જ આરોપીએ એમ.એ શેખ નામના જજ ઉપર ચપ્પલ વડે હુમલો કર્યો હતો, જોકે, ત્યારે પણ જજને ચંપલ વાગતા બચ્યું હતું.

આરોપીએ જેલમાંથી પથ્થર પોતાના ખિસ્સામાં મૂક્યો હતો અને જેલ જપ્તાની નજર ચૂકવીને કોટરૂમ સુધી પથ્થર લઈ ગયો હતો. આ સમગ્ર મુદ્દે જેલ જાપ્તાએ પણ આરોપીની ચકાસણી કરવી જોઈતી હતી તેવી વાત પરિસરમાં ચર્ચા રહી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી માં વૃક્ષારોપણ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી માં વૃક્ષારોપણ નો પ્રારંભ કરાવતાં શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઈ પૂજારા, યુવા ભાજપ મહામંત્રી શ્રી કુલદીપસિંહ જાડેજા તથા કોર્પોરેટર શ્રીમતી ભાવનાબેન વસાણી...**



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રીશ્રી ગોવિંદભાઇ સભાયાની પ્રેરક ઉપસ્થિતિ

છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સંક્રમણ દરમિયાન આપણે સૌએ વૃક્ષો ની અગત્યતા શું હોઈ શકે એ સુપેરે જાણી લીધું. જીવનમાં ઓક્સિજન નું મહત્વ સમજાયું. પર્યાવરણ ની સમતુલા જળવાઈ રહે એ માટે ઓક્સિજન ઉત્પન્ન કરતાં વૃક્ષો સિવાય કોઈ વિકલ્પ નથી. ગમે એવી વિશાળ ફેક્ટરી હોય પણ વૃક્ષો દ્વારા જે ઓક્સિજન ઉત્પાદન થાય એની તોલે કોઈ આવી ન શકે.

વૃક્ષોની મહત્તા સમજી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં કાર્યદક્ષ અને વૃક્ષો પ્રત્યે અપાર લાગણી ધરાવતા સહમંત્રી શ્રી રમેશભાઈ સભાયાએ હરિયાળી ક્રાંતિ સર્જવાનો સંકલ્પ કર્યો અને જેની ફલશ્રુતિરૂપે સોસાયટી પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, મંત્રી સાજીભાઈ મેથ્યૂ, સહમંત્રી શ્રી અજયસિંહ એમ. પરમાર અને અન્ય આગેવાનોએ એમનાં અભિયાન ને વધાવી લીધું અને આજે આ વૃક્ષારોપણ નાં પ્રથમ ચરણમાં ૧૦ વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું.

અગ્રણી બિલ્ડર અને સિવિલ હોસ્પિટલ પરિસરમાં ગરીબ દર્દીઓની સેવામાં છેલ્લા પાત્રિસ વર્ષથી કાર્યરત અને સમાજમાં દુઃખિયાના ભેરૂ તરીકે જાણીતા એવાશ્રી રમેશભાઈ સભાયાએ તમામ વૃક્ષો દત્તક લઈ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દસેય વૃક્ષોને વાવવા થી લઈને ઉછેરવાં સુધીની તમામ જવાબદારી ઉઠાવી પ્રેરક દ્રષ્ટાંત પુરૂં પાડ્યું છે.

આજના આ પ્રારંભિક વૃક્ષારોપણ માં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઈ પૂજારા, પ્રદેશ કોંગ્રેસ મંત્રીશ્રી ગોવિંદભાઈ સભાયા વિ. મહાનુભાવોનાં વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે સેવાભાવી સંસ્થા શ્રી સિધ્ધનાથ મહાદેવ પરિવાર નાં સ્થાપક અને પ્રકૃતિપ્રેમી શ્રી હેમંતસિંહ ડોડીયા તથા પૂર્વ વેરા અધિકારી શ્રી જયુભા બી.વાળા ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

સોસાયટી સભ્યો ઉધોગપતિ શ્રી ભરતભાઈ વાછાણી, સ્થાપક મંત્રી શ્રી ઉપેન્દ્રભાઈ પંડયા, સામાજિક અગ્રણી શ્રી નિલેશભાઈ માંડવીયા, પ્રો. હરીભાઇ કગથરા, સહમંત્રી શ્રી અજયસિંહ પરમાર, ડો. અનિલ આર. શેઠ સાહેબ, શ્રી દિલીપભાઈ આહ્યા , શ્રી હસમુખભાઈ વી. જોશી, શ્રી ચંદુભાઇ વેકરીયા, શ્રી ત્રાંબકભાઈ ત્રિવેદી, યુવા અગ્રણીશ્રી પરીન ધીરૂભાઈ ડોબરીયા તથા શ્રી દિવ્યાંગભાઈ રાવલ સહિતના સોસાયટીના સભ્યોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આગામી દિવસોમાં અસંખ્ય વૃક્ષો વાવવાનાં ધ્યેય સાથે તમામ કારોબારી સભ્યોએ અને સોસાયટી પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા અને અન્ય આગેવાનોએ પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી..

# લાઠીમાં શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ- શિવમ જવેલ્સ દ્વારા મોરારીબાપુની શિવમ-રામકથાનું આયોજન

## ગ્રીન મેન વિજયભાઈ ડોબરિયાનું સન્માન કરાયું

લાઠીમાં ચાલી રહેલી રામકથા માનસ- શંકરના દરરોજના ઉપક્મ પ્રમાણે ગ્રીનમેન વિજયભાઇ ડોબરિયાનું સન્માન થયું હતું. મોરારી બાપુની ૯૦૯મી રામકથાનું અદભૂત આયોજન શિવમ જવેલર્સ દ્વારા ગુજરાતનાં કવિ કલાપિની નગરી લાઠીમાં થયું છે. લાઠીમાં રાજવી કવિ કલાપી અને રાણીસાહેબા રમાબાના કુંવરી ‘રમણીકકુંવરબા‘નાં લગ્ન બાદ મોટો ૯-દિવસનો ભવ્ય અને દિવ્ય ઉત્સવછે, આ અવસરે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા(હરિકૃષ્ણ એક્ષપોર્ટ), પદ્મશ્રી મથુરભાઈ સવાણી(ચેરમેન -કિરણ હોસ્પિટલ), સામાજિક ક્રાંતિના પ્રણેતા કાનજીભાઈ ભાલાળા, ગોવિંદભાઈ ધોળકિયા(રામકૃષ્ણ એક્સપોર્ટ) પ્રેરક ઉદ્દબોધન કર્યુ હતુ . આ ભવ્ય રામકથામાં સદભાવના વૃદ્ધાશ્રમનાં વિજયભાઈ ડોબરિયાને પરમ પૂજ્ય મોરારી બાપુના વરદ હસ્તે સમાજના સેવા કાર્યો બદલ સન્માનિત કરવામાં આવ્યા. વિજયભાઈ ડોબરિયા ‘ધ ગ્રીન મેન‘ તરીકે જાણીતા છે. તેઓએ વડીલોની અને પર્યાવરણની બંનેની સેવા કરવાના સંકલ્પ સાથે નાની એવી સંસ્થા શરૂ કરી હતી જે આજે ભગીરથ કાર્યોથી વટવૃક્ષ બનીને લોકપ્રિય બની છે. જે માટે રાજય સરકારે ‘ધ ગ્રીન મેન‘ વિજયભાઈ ડોબરીયાનું ‘વન પંડીત‘ એવૉર્ડ’થી સન્માન પણ કર્યુ હતું. સદભાવના વૃધ્ધાશ્રમમાં હાલ ૫૦૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો તો પથારીવશ (ડાઈપર વાળા) છે. વિજયભાઇ ડોબરિયાએ ૧૯ લાખ વૃક્ષો અને ૧૦૦ મિયાવાકી જંગલ વાવીને ગુજરાતને ગ્રીન બનાવ્યું છે. ૫૦૦ ગૌવંશ બળદને આશરો આપવા, બળદ આશ્રમનું પણ નિર્માણ કર્યું છે.

‘‘શિવમ રામકથા’’ નિમિત્તે સામાજિક અને વિવિધ સેવાકીય કાર્યોનાં આયોજનો કરવામાં આવ્યા છે, જેમાં સમૂહલગ્ન, હરિયાળું લાઠી - વૃક્ષો અને ફળોના રોપાનું વિતરણ, મહિલા સ્વનિર્ભર ટ્રેનિંગ ક્લાસ, કૃષિ અને ગૌ-સંવર્ધન જાગૃતિ અભિયાન, ગંગાસ્વરૂપ બહેનોને રાશનની કિટ અર્પણ, ખેડૂતોને બાગાયતી ફળોના રોપાનું વિતરણ, નેત્રનિદાન અને ચશ્મા વિતરણ, રક્તદાન કેમ્પ- સર્વરોગ મેડિકલ ચેકઅપ, વ્યસન અને નશામુક્તિ અભિયાન, પર્યાવરણ જાગૃતિ અને પ્લાસ્ટિક મુક્તિ અભિયાન, લાઠીની સેવાક્રિય સંસ્થાઓ અને હોદેદારોનું સન્માન, વિદ્યાર્થીઓ માટે સ્પોકન ઈંગ્લીશ ક્લાસીસ તેમજ કરિયર ગાઈડન્સ સેન્ટર જેવા સુંદર કાર્યોના આયોજન કરવામાં આવ્યા છે.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.